# પ્રકરણ : ૭

## ગોધરાકાંડમાં મોરારજીભાઈને "કોમવાદી" ચીતરવામાં આવ્યા

### -કેરસી દેબુ

ગોધરાકાંડ પછી ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે ગુજરાતના સન ૨૦૦૧ ની સાલના કોમી હુલ્લડ સમયે મુસ્લિમો વિરૂધ્ધ હિંદુઓની તરફેણ કરી હિંદુ તોફાનીઓને મદદરૂપ થયા હોવાનો આક્ષેપ થયો હતો. હુબહુ આવો જ આક્ષેપ સ્વ. મોરારજી દેસાઈ સામે સન ૧૯૨૭ માં થયો હતો અને મોરારજી દેસાઈને કસુરવાર પણ ઠરાવવામાં આવ્યા હતા.

મોરારજી દેસાઈ તે સમયે ગોધરા ( પંચમહાલ) માં ડેપ્યુટી કલેકટર તરીકે કાર્યરત હતા. ત્યારે ગોધરામાં મુસ્લિમોની વસ્તી ૫૦% કરતાં પણ વધુ હતી અને કોમી રમખાણો માટે કુખ્યાત હતું. ગણપતિના સરઘસ દરમ્યાન મસ્જીદ નજીક ગીત વગાડવાની બાબતે મુસ્લિમોના એક જૂથે હિંદુઓ ઉપર હુમલો કર્યો હતો. જેમાં એક હિંદુભાઈનું મૃત્યુ થયું અને અનેક ઘવાયા. મોરારજીભાઈએ પોતાની કુનેહથી હુલ્લડ દાબી દીધું. મોરારજીભાઈનું વલણ તટસ્થ અને ન્યાયયુકત જ હતું. આ બનાવ સંદર્ભમાં પોલીસે ઉપરી અધિકારીઓના કહેવાથી મુસ્લીમ ગુનેગારોની ધરપકડ ન કરતા ચાર હિંદુઓની ધરપકડ કરી મોરારજી સમક્ષ રજુ કરવામાં આવ્યા. તેઓ સામે હુલ્લડ કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. મોરારજીભાઈની તપાસમાં આ વ્યક્તિઓ સામે કશા જ પુરાવા ન હતા. ઘાયલ થયેલા હિંદુઓના નિવેદનો પણ સ્પષ્ટ હતા એટલે મોરારજીભાઈએ પકડાયેલા હિંદુઓને મુકત કર્યા. જે ગોરા કલેકટર સાહેબને પોતાનું અપમાન લાગ્યું. તેઓએ પકડાયેલા મુસ્લિમ આરોપીઓને મુકત કરી દીધા એટલું જ નહીં પરંતુ મોરારજીભાઈ હિંદુ કોમવાદી હોવાનું જણાવી તપાસની માંગણી કરી. ગોરા કલેકટર સાહેબે મોરારજીભાઈ સામે હિંદુ તરફી કોમવાદી વલણ દાખવ્યાનો આરોપ લગાવવામાં આવ્યો અને પોતાની વગથી મોરારજીભાઈને કોમવાદી ચીતરવામાં સફળ થયા.

ગોધરાથી તેઓની બદલી અમદાવાદ કરવામાં આવી અને કલેકટરના પી.એ. તરીકે ઉતરતી કક્ષાએ મુકવામાં આવ્યા. બીજી તરફ મોરારજીભાઈ સામે તપાસ કરવા માટે ઉપરી સત્તાવાળાઓ સમક્ષ રજુઆત કરવામાં આવી. અમદાવાદ આવ્યાના થોડા મહિના પછી મોરારજીભાઈને સત્તાવાળા તરફથી નોટીસ પાઠવવામાં આવી. તેમાં તેઓ પર હિંદુ તરફી હોવાથી મુસ્લિમો માટે કોમવાદી વલણ દાખવ્યુ હોવાનો આક્ષેપ હતો. આ પહેલાં નીચલી અદાલતમાં પણ સાક્ષીઓના ખોટા નિવેદનોના કારણે કોર્ટે મોરારજીભાઈની ટીકા કરી હતી. નોટીસ મળ્યા બાદ મોરારજીભાઈ તપાસ કમિશનરને રૂબરૂ મળ્યા હતા અને તમામ પરિસ્થિતિની રજુઆત કરી હતી અને ફરીથી તપાસ કરવાની વિનંતિ કરી હતી પરંતુ કમિશનરે હવે વધુ તપાસ કરવાની જરૂર નથી અને તમારા ખુલાસાથી મને સંતોષ થયો છે એમ જણાવ્યું પરંતુ રિપોર્ટ કંઈક જુદો જ કર્યો અને મોરારજીભાઈને દોષિત ઠરાવવામાં આવ્યા અને સજા સ્વરૂપે તેઓને સીનીયોરીટીમા ચાર સ્થાન નીચે ઉતારવાનો ફેંસલો આપવામાં આવ્યો.

આ ફેંસલાથી મોરારજીભાઈ ખુબ જ વ્યથિત થયા. ૧૯ મી મે ૧૯૨૯ ના રોજ મોરારજીભાઈએ રાજીનામુ આપી સરકારી નોકરી છોડી ગાંધીજી સાથે સ્વાતંત્રતાની લડાઈમા જોડાયા.

મોરારજી હકીકતમાં ખુબ જ તટસ્થ, પ્રમાણિક અને ન્યાયપ્રિય હોવા છતાં ઉપરી અમલદાર સાથેના વૈમન્સયના કારણે "કોમવાદી" વલણ દર્શાવ્યા બદલ દોષી ઠરાવવામાં આવ્યા અને તેઓની બઢતી અટકાવવાનો નિર્ણય લેવામાં આવ્યો ત્યારે આ અન્યાય સામે મોરારજીભાઈએ ૧૯ મી મે ૧૯૩૦ ના રોજ સરકારી નોકરીમાંથી રાજીનામું આપી દીધું. આમ, મોરારજીભાઈને કોમવાદી કહેવા એ ચંદ્રને કાળો કહેવા બરોબર ગણાય.

મોરારજીભાઈ મુંબઈ રાજયના ગૃહપ્રધાન હતા ત્યારે ૧૯૪૬ મુસ્લિમ લીગના સીધા પગલાંને કારણે હિંદુ-મુસ્લિમ હુલ્લડો દેશના અનેક ભાગોમા ફાટી નીકળ્યા હતા. અમદાવાદમા પણ તેની અસર થઈ હતી અને પરિસ્થિતિ કાબુ બહાર હતી. ગૃહપ્રધાન તરીકે મોરારજીભાઈને અમદાવાદ જવાનું અને લશ્કરની મદદ લીધા વિના રમખાણોને શાંત કરવાની જવાબદારી સોંપવામાં આવી. પોલીસ અને લશ્કરની મદદ વિના બે ઝનુને ચઢેલા પક્ષોને શાંત કરવા અશકય હતુ પરંતુ મોરારજીભાઈએ અમદાવાદ જઈ અધિકારીઓને કેટલીક કડક કાર્યવાહી કરવાની સુચના પણ આપી અને બીજી તરફ અશાંત વિસ્તારની મુલાકાત લઈ બંને પક્ષોને હિંસા ન કરવા સમજાવ્યા પરંતુ અહીં પણ મોરારજીભાઈ પર હિંદુઓનો પક્ષ લેવાનો આક્ષેપ થયો જે બિલકુલ ખોટો હતો.

મુંબઈમા પણ હુલ્લડો ફાટી નીકળતા મોરારજીભાઈ સખત પગલાં લીધા અને હુલ્લડ દામી દેવામા સફળતા મળી.

મોરારજીએ હુલ્લડગ્રસ્ત વિસ્તારમાં સામુહિક દંડ કરવાની જોગવાઈ કરી અને સાથે સાથે પોલીસની મદદ થાય તે માટે હોમગાર્ડસની રચના પણ કરી. હુલ્લડ કરનારા માટે મૃત્યુદંડ સુધીની સજાની જોગવાઈ કાયદામા કરવામાં આવી. આ રીતે મુસ્લિમ લીગ દ્વારા શરૂ થયેલી ચળવળને મોરારજીભાઈએ કડક રીતે દાબી દીધી હતી એટલે મોરારજીભાઈને “કોમવાદી” નું લેબલ લગાડી દેવામાં આવ્યું હતું. મુંબઈ રાજયમા હૈદરાબાદના રઝાકારો ઘુસી આવી લુટફાટ કરતા હતા. તેઓ મોટા ભાગે મુસ્લિમો હતા અને મોરારજીભાઈએ તેઓ સામે સખત પગલાં ભરી હૈદરાબાદની હદમા ઘુસીને પણ ધરપકડ કરવા માંડી અને મુંબઈ પ્રાંતમા થતી લુટફાટ રોકવામા સફળતા મળી.

આમ, જયારે જયારે આવા બનાવો બનતા ત્યારે ત્યારે મોરારજીભાઈ ખુબ જ તટસ્થતાથી વર્તતા પરંતુ તેઓ ઉપર ખોટી રીતે કોમવાદી હોવાનું લેબલ લાગી જતું.